# મહારાષ્ટ્રીયન સેવા મંડળ - અંકલેશ્વર.

એફ/૧૨, અરૂણોદય કોમ્પલેક્ષ, લીટલ હટ ચોકડી,
જી.આઈ.ડી.સી., અંકલેશ્વર - ૩૯૩ ૦૦૨.

---

## બં ધા ર ણ

(૧) ટ્રસ્ટનું નામ : મહારાષ્ટ્રીયન સેવા મંડળ - અંકલેશ્વર.
એફ/૧૨, અરૂણોદય કોમ્પ્લેક્ષ, લીટલ હટ ચોકડી,
જી.આઈ.ડી.સી., અંકલેશ્વર - ૩૯૩ ૦૦૨.

(૨) ટ્રસ્ટનું કાર્યાલય : આ ટ્રસ્ટનું કાર્યાલય હાલ અંકલેશ્વર મુકામે રહેશે. જરૂર જણાયે ચાલુ ટ્રસ્ટી મંડળ બહુમતિથી ઠરાવ પસાર કરી કાર્યાલય બદલી શકશે.

(૩) ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર : ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર ભરૂચ જિલ્લાની સીમાઓ પુરતું મર્યાદિત રહેશે.

(૪) ટ્રસ્ટના ઉદ્દેશો :

- સમાજ ઉત્થાનને લગતા હરકોઈ લોકજીવનને ઉપયોગી પ્રવૃત્તિઓને વેગ આપવા એક દ્રષ્ટિકોણ ઉભો કરી શકે તે માટે આયોજન કરવું.
- શિક્ષીત નવયુવાનોને શૈક્ષણિક વ્યવસાયલક્ષી કે રોજગારીની યોગ્ય માહિતી મળી રહે તે માટે માહિતી કેન્દ્ર ઉભું કરવું, શૈક્ષણિક સંકુલો તથા સાંસ્કૃતિક અભ્યાસ અંગે તમામ પ્રકારની સેવાઓ પુરી પાડવી.
- સમાજના નબળા વર્ગના લોકોના બાળકોને જરૂરી શૈક્ષણિક સહાય કરવી તેમજ બાળકોને પારીતોષિક વિતરણ કરી મદદરૂપ થવું તેમજ સમાજનાં લોકોને મદદ કરી, પ્રોત્સાહન આપી હરકોઈ રીતે સમાજ ઉપયોગી તમામ કાર્યોમાં મદદરૂપ થવું.

- મહિલા શિક્ષણ દ્વારા અભણ, ત્યક્તા, નિરસ્કૃત કે વિધવા બહેનોને સુવિધા અંગેના ગૃહઉદ્યોગ, કુટીર ઉદ્યોગ, ગ્રામ ઉદ્યોગો, હસ્તકલા, સિવણ, ભરત ગુંથણના વર્ગો કે ટેક્નીકલ કે વ્યવસાયલક્ષી શિક્ષણ પુરૂં પાડી સ્વરોજગારીની તકો પુરી પાડવાના પ્રયત્ન કરવા અને ચલાવવા.

- સમાજના તેજસ્વી કારકીર્દી ધરાવતાં વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણ મળી રહે તે માટે યોગ્ય પગલાં લેવા.

- સમાજના ગરીબ પરિવારોના લાયક વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે સ્કોલરશીપ, પુસ્તકો, નોટબુકો, યુનિફોર્મ જેવા શૈક્ષણિક સાધનોની સહાય કરવી તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તેમજ પ્રમાણપત્રો આપવા.

- સમાજના ખોટા રિવાજો દૂર કરી તેવા રિવાજોમાં જરૂરી વિકાસલક્ષી સુધારા કરવા.

- સમાજની સામાજીક ઉન્નતિ માટે પરિષદો, સંમેલનો તેમજ સમુહલગ્નો પસંદગી મેળાઓનું આયોજન કરવું.

- સંસ્કૃતિના ઉત્થાન માટે સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો ગોઠવી ઉત્સવ અને પર્વની ઉજવણી કરવાનું અને તે માટેની વ્યવસ્થા ગોઠવવાનું, આર્થિક અને જરૂરિયાતમંદ સમાજનાં લોકોને પુરક રોજી અથવા આર્થિક ઉપાર્જન કરી શકે તેવી પ્રવૃત્તિ હાથ ધરવી.

- પર્યાવરણની જાળવણી માટે વનીકરણ તેમજ વૃક્ષારોપણ જેવા કાર્યક્રમો હાથ ધરવા.

- આ સંસ્થા સમગ્ર સમાજના યુવક, યુવતિઓનો મિલન સમારંભ યોજી કાર્યો કરશે, ભાતૃભાવ અને ભાઈચારો વધે તેવા કાર્યો કરશે, યુવક, યુવતિઓના ઉજ્જવળ ભાવિ માટે અપરણિત મેળાનું આયોજન કરશે, સમાજના કુટુંબોની વિગતો સાથે અદ્યતન ડિરેક્ટરી તૈયાર કરી બહાર પાડશે.

(૫) ટ્રસ્ટની આવકના સાધનો :

સભ્ય ફી, દાન, ભેટ, સરકારી અથવા અર્ધસરકારી મદદ, ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજીને ઉભી કરવામાં આવશે.

(૬) સભ્યપદ :

આ ટ્રસ્ટને વાર્ષિક રૂ. ૧,૦૦૧/- આપીને આ ટ્રસ્ટના હિતમાં રસ ધરાવનાર કોઈપણ પુખ્ય વ્યક્તિ સભ્યપદ મેળવી શકશે. વર્ષ પુરું થયે દિન-૩૦ માં સભ્ય ફી જમા કરાવવામાં ચૂક કરશે તો તેવા સભ્યો આપોઆપ કમી થયેલ ગણાશે અને તેઓને ટ્રસ્ટની કોઈપણ પ્રવૃત્તિઓમાં ભાવ લેવા દેવામાં આવશે નહીં કે ભાગ લઈ શકશે નહીં.

(૭) અનુગામી ટ્રસ્ટી નિમવાની રીત :

નોંધાયેલ સમાજનાં સભ્યોની સામાન્ય સભામાં બહુમતિથી દર પાંચ વર્ષે કારોબારી ટ્રસ્ટી મંડળની રચના કરવામાં આવશે. ટ્રસ્ટી મંડળની સંખ્યા ઓછામાં ઓછી નવ (૯) અને વધુમાં વધુ પંદર (૧૫) ની રહેશે. ટ્રસ્ટી મંડળ પોતાનામાંથી હોદ્દેદારોની નિમણુંક કરશે જેવાકે પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાન્ચી વિગેરે.

મુદ્દત દરમ્યાન કોઈપણ સંજોગોમાં જેવા કે મરણ થવાથી, રાજીનામું આપવાથી, સભ્યપદેથી દુર થવાથી ટ્રસ્ટી મંડળમાં જગ્યા ખાલી પડે તો ચાલુ ટ્રસ્ટી મંડળના સભ્યો બહુમતિથી તેવી ખાલી પડેલી જગ્યા બાકીના સમય માટે નોંધાયેલ સમાજનાં સભ્યોમાંથી તેટલા સમય માટે પુરશે.

(૮) ટ્રસ્ટનું હિસાબી વર્ષ :

આ ટ્રસ્ટનું હિસાબ વર્ષ ૧લી એપ્રિલ થી શરૂ થઈ ૩૧મી માર્ચ પુરૂં થયેલ ગણાશે.

(૯) પ્રમુખ તથા ટ્રસ્ટીની સત્તા અને ફરજો :

ટ્રસ્ટની મિલ્કતોનો તમામ પ્રકારનો વહીવટ કરવો તથા ટ્રસ્ટના હિસાબો તૈયાર થયે ઓડીટ કરાવવા, વેતનદાર માણસો રોકી ટ્રસ્ટનું કામકાજ કરાવી શકશે તેમજ છુટા પણ કરી શકશે. ટ્રસ્ટની પ્રવૃત્તિઓ પર તથા કામો ઉપર દેખરેખ રાખશે. ટ્રસ્ટનો તમામ રેકર્ડ સાચવવા અને જવાબદારી મંત્રીને સોંપી શકશે. ટ્રસ્ટના હિત વિરુદ્ધ કૃત્ય અગર કામ કરનાર ટ્રસ્ટીને યોગ્ય લાગે તે માટે દુર કરવા અંગે ટ્રસ્ટ એક્ટની જોગવાઈ મુજબની કાર્યવાહી કરી શકશે.

(૧૦) ઉપપ્રમુખશ્રીની સત્તા અને ફરજો :

પ્રમુખશ્રીની ગેરહાજરીમાં પ્રમુખશ્રીની તમામ સત્તા અને ફરજો ભોગવશે.

(૧૧) મંત્રીશ્રીની ફરજો :

- સાધારણ સભા અને વાર્ષિક સભાઓ બોલાવશે તથા તે અંગેના તમામ એજન્ડા તથા ખબર આપવી.
- જરૂરીયાત મુજબ તમામ હિસાબી દફતર ચોપડા રાખવા તથા ઓડીટ કરાવી મીટીંગમાં મંજુર કરાવશે.
- ઠરાવ બુક લખવી.
- ટ્રસ્ટના કામકાજ માટે નાણાંકીય વ્યવસ્થા, ચેકબુક વિગેરે રાખવા.
- પ્રમુખશ્રીની સુચના મુજબ કાર્યો કરવા.

(૧૨) હિસાબો રાખવા બાબત :

ટ્રસ્ટીઓને ટ્રસ્ટની મ્લિકતની વ્યવસ્થા સંબંધી યોગ્ય હિસાબો રાખવાના રહેશે અને તે હિસાબો ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ ની જોગવાઈઓ મુજબ હિસાબી વર્ષ પુરું થયા પછી છ માસની અંદર ઓડીટ કરાવી ટ્રસ્ટની ઓફીસમાં રજૂ કરવાના રહેશે.

(૧૩) ટ્રસ્ટના નાણાં રોકવા બાબત :

ટ્રસ્ટના નાણાં અને મિલ્કતો ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટની કલમ-૩૫ પ્રમાણે રોકવાના રહેશે. પ્રમુખ તથા બીજા કોઈ બે ટ્રસ્ટીઓ પૈકી કોઈપણ એકના નામથી કરવામાં આવશે. બે ટ્રસ્ટીઓ સંયુક્ત રીતે સદર ખાતાઓનું સંચાલન કરશે. એમાના એક ટ્રસ્ટી પ્રમુખશ્રીને સત્તા આપવામાં આવશે.

(૧૪) લોન બાબત :

મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટની કલમ-૩ ને આધિન રહીને કોઈપણ સંજોગોમાં ટ્રસ્ટના કામકાજ માટે ટ્રસ્ટની સ્થાવર મિલ્કત તારણમાં મુકીને લોન લેવાની જરૂર પડે તો અગર ટ્રસ્ટની સ્થાવર મિલ્કત વેચવાની અગર બક્ષિસ આપવાની જરૂર જણાય ત્યારે ટ્રસ્ટી મંડળ ઠરાવ કરી જેતે હુકુમત ધરાવતા અધિકારીની પૂર્વ મંજુરી મેળવી તે અંગેની કામગીરી કરી શકશે.

(૧૫) ટ્રસ્ટી મંડળની મીટીંગ :

- ટ્રસ્ટી મંડળની મીટીંગ વર્ષમાં ઓછામાં ઓછી બે વખત મળશે અને આવી મીટીંગને સાધારણ મીટીંગ કહેવાશે.
- ટ્રસ્ટી મંડળની વધારાની મીટીંગ બોલાવી શકશે જેને અસાધારણ મીટીંગ કહેવાશે.
- સામાન્ય સભા ૨/૩ બહુમતિથી મીટીંગની કાર્યવાહી કરવામાં આવશે અને જો તેમ ના થાય તો કોરમના અભાવે મુલત્વી રહેતી મીટીંગ ૧/૨ અડધા કલાક પછી એજ સ્થળે કામ માટે કામગીરી કરશે.

(૧૬) મીટીંગની નોટીસ :

- ટ્રસ્ટી મંડળની અસાધારણ સભાની મીટીંગની નોટીસ ટ્રસ્ટીઓને તેમના નોંધાયેલા સરનામે મીટીંગની તારીખથી ૫ દિવસ પહેલા મળે તે રીતે મોકલવામાં આવશે.

- મીટીંગની નોટીસમાં મીટીંગનો સમય, તારીખ અને સ્થળ તથા કાર્યસૂચિની વિગતો લખવામાં આવશે.

(૧૭) ઠરાવો :

- ઠરાવ બુકમાં ટ્રસ્ટીઓની દરેક મીટીંગની કાર્યવાહીની નોંધ, ઠરાવ તેમજ સરક્યુલર લખવામાં આવશે.

- ટ્રસ્ટીઓની મીટીંગમાં થયેલ ઠરાવો, ઠરાવ બુકમાં લખી તેની નીચે મેનેજીંગ ટ્રસ્ટીની સહી થશે.

(૧૮) નાણાંનું રોકાણ :

- ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ ની કલમ-૩૫ની જોગવાઈઓ મુજબ આ ટ્રસ્ટના નાણાંનું રોકાણ કરવાનું રહેશે.

- આ ટ્રસ્ટના બેન્ક એકાઉન્ટ અધિકૃત બેન્કમાં સંસ્થાઓના નામે ખોલાવવાના રહેશે. આવો એકાઉન્ટ મેનેજીંગ ટ્રસ્ટી તથા બાકીના ટ્રસ્ટીઓમાંથી કોઈપણ એક ટ્રસ્ટીની સહીથી વ્યવહાર કરવાનો રહેશે.

(૧૯) ભંડોળ :

આ ટ્રસ્ટનું ભંડોળ દાન, ભેટ, સરકારી સહાય/ગ્રાન્ટ, લવાજમ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા મેળવવામાં આવશે.

(૨૦) સમિતિ કે સમિતિઓ :

જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ટ્રસ્ટી મંડળના ટ્રસ્ટના કામ માટે વ્યવસ્થાપક સમિતિ, કારોબારી સમિતિ તથા અન્ય સમિતિઓની સુચના કરી શકશે તેમજ તેમાં ફેરફાર કરી શકશે તેમજ તેવી સમિતિઓનું વિસર્જન કરી શકશે.

(૨૧) ફેરફાર :

આ ટ્રસ્ટના બંધારણમાં કોઈપણ કલમમાં ફેરફાર કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તો જેતે વખતન ટ્રસ્ટના કાયદાને આધિન ટ્રસ્ટીઓ બહુમતિએ નિર્ણય કરી ઠરાવ કરી તેવો ફેરફાર કરી શકશે.